ડો.આંબેડકર ભવન, જિ.ભરૂચના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર, પ્રથમ માળનું ફ્લોરીંગ, કલરકામ, પ્લાસ્ટરકામ, કમ્પાઉન્ડ દિવાલ, પેવર બ્લોકનું કામ, બારીબારણાનું રીપેરીંગ તેમજ અન્ય કામ માટે, રૂ.૪૮,૬૨,૯૪૦/-ના ખર્ચઅંદાજોની વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/MIS/e-file/17/2026/0425/G**
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા:</u>

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્ર ક્રમાંક: **DSCWG/0140/02/2026**, તા.૧૧/૦૨/૨૦૨૬

<u>આમુખ:</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ ખાતે જિલ્લાસ્તરના આંબેડકરભવન બાંધવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના તા.૧૧/૦૨/૨૦૨૬ના પત્રથી ડો.આંબેડકર ભવન, જિ.ભરૂચના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર, પ્રથમ માળનું ફ્લોરીંગ, કલરકામ, પ્લાસ્ટરકામ, કમ્પાઉન્ડ દિવાલ, પેવર બ્લોકનું કામ, બારીબારણાનું રીપેરીંગ તેમજ અન્ય કામો માટે, રૂ.૪૮,૬૨,૯૪૦/-(અંકે અડત્તાલીસ લાખ બાંસઠ હજાર નવસો ચાલીસ રુપિયા પુરા) ખર્ચ અંદાજોને મંજૂરી આપવા માટે અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડો.આંબેડકર ભવન, જિ.ભરૂચના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર, પ્રથમ માળનું ફ્લોરીંગ, કલરકામ, પ્લાસ્ટરકામ, કમ્પાઉન્ડ દિવાલ, પેવર બ્લોકનું કામ, બારીબારણાનું રીપેરીંગ તેમજ અન્ય કામો માટે, રૂ.૪૮,૬૨,૯૪૦/-(અંકે અડત્તાલીસ લાખ બાંસઠ હજાર નવસો ચાલીસ રુપિયા પુરા) નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાવિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી. તેમજ બચત રહેતી રકમ વર્ષાંતે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક – ૯૫ આયોજન, મુખ્ય સદર – ૨૨૨૫ – અનુસૂચિત જાતિઓ , અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ – અન્ય ખર્ચ, પેટા સદર – ૧૦, **SCW-20** ડો.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાવિભાગની તા.૨૭/૦૨/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના :**

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, સચિવશ્રી, સા.ન્યા., સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ભરૂચ
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૬

Signature Not Verified
Signed by:SantoshKumar Sureshbhai Vasava
Section Officer
Date:2026.03.10 11:28:58 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign